## નંબર 1 સુરતનાં લોકોની કમર તોડી નાંખતા 10 નંબરી માર્ગો


ડભોલી બ્રિજ


અડાજણ કેબલ બ્રિજ


પાલ- ઉમરા બ્રિજ

(તસવીરો : હેમંત ડેરે)

**ખાડીપૂરગ્રસ્ત વિસ્તારમાં 700થી વધુ લોકો બિમાર : 27ને ઝાડા-ઊલટી, 157ને તાવ**

# ખાડીપૂર બાદ હવે રોગચાળાએ માથું ઊંચક્યું

**સ્વચ્છતામાં નંબર-1 બનેલા સુરતના તંત્ર માટે હવે ખિતાબને અનુરૂપ ઝડપી સ્વચ્છતા ઝુંબેશ કરી બતાવવાનો પડકારઃ ખાલી નંબર વનના આંકડાથી નહીં ચાલે, કામ પણ નંબર- 1 જેવું કરવું પડશે નહીં તો અઠવાડિયામાં જ ખાડીપૂરગ્રસ્ત વિસ્તારો રોગચાળાના ભરડામાં આવી શકે છે!**

સુરતઃ શહેરમાં ખાડીપૂરના પાણી છ દિવસ બાદ ઊતર્યાં છે. જો કે, છઠ્ઠા દિવસે પણ વરાછા, લિંબાયત અને અઠવા ઝોનના અમુક વિસ્તારોમાં પૂરેપૂરા પાણી ઊતર્યાં નથી. જે વિસ્તારોમાં પાણી ઊતરી ગયા છે ત્યાં હવે ગંદકીના ગંજ દેખાવા માંડતાં મનપાના તંત્રની અગ્નિપરીક્ષા શરૂ ચૂકી છે. કાળા અને ગંદા પાણીના પૂરમાં છ-છ દિવસ ઘમરોળાયા બાદ હવે આ વિસ્તારમાં યુદ્ધના ધોરણે સફાઈ અને આરોગ્યવિષયક કામગીરી નહીં થાય તો લોકો રોગચાળાના ભરડામાં આવી જાય તેવી દહેશતથી ફફડી રહ્યા છે. જો કે, મનપા દ્વારા તમામ વિસ્તારોમાં યુદ્ધના ધોરણે સફાઈ ઝુંબેશ ચાલુ કરવા ઉપરાંત આરોગ્યવિષયક સરવે અને રોગચાળા અટકાયતી પગલાં લેવાનું શરૂ કરી દીધું હોવાનો દાવો કરાયો છે. દરમિયાન પૂરગ્રસ્ત વિસ્તારમાં 700થી વધુ લોકો બીમાર હોવાનું મનપાના સરવેમાં જ બહાર આવ્યું છે.

ખાડીપૂર બાદ દર વખતે પૂરગ્રસ્ત વિસ્તારમાં સર્જાતી પારવાર ગંદકી નર્કાગાર જેવો અનુભવ કરાવે છે. ત્યારે આ વખતે સ્વચ્છતામાં નંબર-1 બન્યા બાદ પહેલી વખત સુરતના આરોગ્ય તંત્ર માટે ખાડીપૂરના અસગ્રસ્ત વિસ્તારોને નંબર-1ના ખિતાબને છાજે તે રીતે યુદ્ધના ધોરણે ચોખ્ખાચણાંક કરી દઈ લોકોને રોગચાળાથી બચાવવાનો પડકાર આવ્યો છે. મનપાના તંત્રના દાવા મુજબ છેલ્લા બે દિવસમાં રેપિડ રિસ્પોન્સ મેડિકલ ટીમ મારફતે અસરગ્રસ્ત વિસ્તારનાં ૨૧,૦૨૯ ઘરમાં કુલ ૬૩,૪૧૮ વસતીનો સરવે કરવામાં આવ્યો છે, જેમાં ૧૭૫ તાવના, ૨૭ ઝાડા-ઊલટીના કેસ સાથે કુલ ૭૭૬ દર્દી મળી આવતાં મનપાની મોબાઈલ મેડિકલ ટીમો ઉતારવામાં આવી છે.


(તસવીર : સતીષ જાદવ)

## છઠ્ઠા દિવસે પણ સણિયા-હેમાદ, મીઠી ખાડી અને કુંભારિયામાં પાણીનો ભરાવો

સુરતઃ શહેરમાં પડેલા દેમાર વરસાદના કારણે સુરતમાંથી પસાર થતી ખાડી ઓવરફ્લો થઈ હતી અને શહેરમાં ખાડીપૂર આવતાં લિંબાયત, વરાછા-એ અને બી ઝોન, ઉધના ઝોન, અઠવા ઝોન સહિતના વિસ્તારમાં ખાડીના પાણીનો ભરાવો થયો હતો. ગુરુવારથી વરસાદનું જોર ઘટી જતાં તમામ ખાડીઓ ડેન્જર લેવલથી નીચે આવી ગઈ હતી. જો કે, હજી પણ ખાડીઓ છલોછલ છે અને તેના કારણે હજી પણ નીચાણવાળા વિસ્તારોમાં ખાડીના પાણી જોવા મળી રહ્યા છે. સતત છઠ્ઠા દિવસે આજે પણ શહેરના સણિયા-હેમાદ, મીઠી ખાડી, કુંભારિયા ગામમાં સતત છઠ્ઠા દિવસે પાણીનો ભરાવો જોવા મળી રહ્યો છે. આથી લોકોની હાલત કફોડી થઈ રહી છે.



### અસરગ્રસ્ત વિસ્તારોમાં સફાઈ કામગીરી અને મેડિકલ ટીમ તૈનાત કરાઈ



### મેયરે કામગીરીનો રિપોર્ટ માંગ્યો

શહેરના જે વિસ્તારોમાં પાણી ભરાયા હતા તેવા વિસ્તારોમાં મનપાની આરોગ્ય વિભાગની કામગીરી કરવામાં આવી રહી છે. સાફસફાઈની કામગીરી તેમજ જંતુનાશક દવાનો છંટકાવ વગેરેની કામગીરીનો રિપોર્ટ મેયરે 7 દિવસમાં આપવા માટે સૂચના આપી છે. તેમજ રસ્તા જે ધોવાઈ ગયા છે તે પણ રિપેરિંગ કરવા જણાવ્યું છે.

### ખાડી વિસ્તારોમાં હજી પણ પાણીના ભરાવાથી લોકો પરેશાન

સુરતઃ શહેરમાં પડેલા દેમાર વરસાદના કારણે શહેરમાં ખાડી પૂર આવતાં લિંબાયત, વરાછા-એ અને બી ઝોન, ઉધના ઝોન, અઠવા ઝોન સહિતના વિસ્તારમાં ખાડીના પાણીનો ભરાવો થયો હતો. ગુરુવારથી વરસાદનું જોર ઘટી જતાં તમામ ખાડીઓ ડેન્જર લેવલથી નીચે આવી ગઈ હતી. જો કે, હજી પણ ખાડીઓ છલોછલ છે અને તેના કારણે હજી પણ નીચાણવાળા વિસ્તારોમાં ખાડીના પાણી જોવા મળી રહ્યા છે. સતત છઠ્ઠા દિવસે આજે પણ શહેરના સણિયા હેમાદ, મીઠી ખાડી, કુંભારિયા ગામમાં સતત છઠ્ઠા દિવસે પાણીનો ભરાવો જોવા મળી રહ્યો છે.

## ખાડીપૂરના કારણે સુરતના કાપડના વેપારને રોજનું 100 કરોડનું નુકસાન થયું

**200 ટ્રાન્સપોર્ટ કંપનીઓની કામગીરી ઠપ થઈ ગઈ હતી. પૂરનાં પાણી ઓસર્યા પછી ટ્રાન્સપોર્ટરે કાપડના પાર્સલની ડિલીવરી લેવાનું શરૂ કર્યું**

સુરતઃ ગત સોમવારથી સારોલીથી કડોદરા રોડની આસપાસના વિસ્તારો અને લિંબાયત ઝોનમાં રઘુકુળ માર્કેટ સહિતના વિસ્તારોમાં પાણી ભરાઈ જવાને કારણે શહેરમાં કાપડના વેપારને રોજનું 100 કરોડ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. પૂરના કારણે ઓછામાં ઓછા 20થી વધુ કાપડ માર્કેટમાં ધંધાને અસર થઈ છે, જ્યારે 200 ટ્રાન્સપોર્ટ કંપનીઓની કામગીરી ઠપ થઈ ગઈ હતી. પૂરનાં પાણી ઓસર્યા પછી ટ્રાન્સપોર્ટરે કાપડના પાર્સલની ડિલીવરી લેવાનું શરૂ કર્યું છે. 5 દિવસ માર્કેટ બંધ રહેતા હજારો દૈનિક વેતન કામદારોને પણ આવક ગુમાવવી પડી છે.

સારોલીમાં કાપડ બજારોમાં પાણી ઘૂસી ગયા હતા અને કનેક્ટિંગ રોડ ડૂબી ગયા છે. શહેરમાં રીંગ રોડથી દૂર સારોલી કડોદરા રોડ પર નવી માર્કેટ બન્યા પછી લગભગ દર વર્ષે પૂરનો સામનો વેપારીઓ કરી રહ્યાં છે. માર્કેટના કાપડના વેપારી વિશાલ બંસલે જણાવ્યું હતું કે સરોલી અને કડોદરા રોડ પર કાર્યરત બજારોમાં ધંધાને મોટું નુકસાન થયું છે. 250 ટેક્સટાઇલ ગુડ્સ ટ્રાન્સપોર્ટર્સમાંથી લગભગ 200 સારોલી અને કડોદરા રોડ પરથી કામ કરે છે. પૂરના કારણે ટ્રકો માલ લાવવા માટે બજારો અને ગોદામો સુધી પહોંચી શકી ન હતી. એક અંદાજ મુજબ શહેરના ટેક્સટાઇલ ગુડ્સ ટ્રાન્સપોર્ટરોને રોજિંદા 15 લાખ રૂપિયાથી વધુના ધંધામાં નુકસાન થયું છે. કેટલાકને બાદ કરતાં મોટાભાગના ટેક્સટાઇલ પ્રોડક્ટ ટ્રાન્સપોર્ટર્સ કડોદરા રોડ પર છે અને તેમનું સમગ્ર કામકાજ ઠપ થઈ ગયું હતું, જે આજે શુક્રવારથી શરૂ થયું છે.

## ખાડીપૂરથી બસસેવાને માઠી અસર: 6 રૂટ પર 79 બસ બંધ રહી

**બીઆરટીએસની** 57 અને અને સિટી બસસેવાની 22 બસ બંધ રહેતાં 30 હજાર મુસાફર ઓછા નોંધાયા

સુરતઃ શહેરમાં ખાડીપૂરના કારણે જનજીવનને ભારે અસર થઇ હતી. ત્યારે ખાડીપૂરના પહેલા બે દિવસ ભારે અફરાતફરીનો માહોલ રહેતાં મનપાની બસસેવાને પણ માઠી અસર થઇ હતી. અલગ અલગ વિસ્તારોમાં વાહન વ્યવહાર અટવાયો હતો, જેમાં મનપાની સિટીલિંક દ્વારા ચલાવાતી શહેરના અલગ અલગ કુલ 6 રૂટ ઉપરની 57 બીઆરટીએસ બસ અને 22 સિટી બસ બંધ રહી હતી. જેના કારણે મનપાને બે દિવસમાં 29617 મુસાફર ઓછા નોંધાયા છે. મનપાનાં સૂત્રોના જણાવ્યા મુજબ બે દિવસના સમયગાળા દરમિયાન કોસાડથી સચિન જીઆઇડીસી રૂટ નં.16 પર તથા રેલવે સ્ટેશનથી કઠોદરા રૂટ નં.19, ચોકથી રાજ એમ્પાયર ગોડાદરા સુધી રૂટ નં.204, કતારગામથી લિંબાયત રૂટ નં.254, નીલગીરી સર્કલથી સરથાણા નેચર પાર્ક રૂટ નં.413, ડો.શામાપ્રસાદ મુખરજીથી કરડવા ગામે આવેલી વૃક્ષ લક્ષ્મી સોસાયટી રૂટ નં.209 પર દોડતી 57 બીઆરટીએસ બસ અને જુદા જુદા વિસ્તારોમાં 22 સિટી બસ બંધ રહી હતી. જેના કારણે પાલિકાને બે દિવસના સમયમાં સમયગાળા દરમિયાન બીઆરટીએસ બસમાં 23431 અને સિટી બસમાં 6168 મળી મુસાફર ઓછા મળ્યા હતા. જો કે, આજથી શહેરમાં બસસેવા પૂર્વવત થઇ ચૂકી હોવાનું સિટી લિંકના અધિકારીઓ જણાવી રહ્યા છે.

## લિંબાયતમાં ખાડી પૂરે વધુ એકનો ભોગ લીધો: ડૂબી જતાં બે વર્ષના બાળકનું મોત

**ઘરમાં** લાઈટ નહીં હોવાથી બાળક રમતો-રમતો ઘરની બહાર નીકળી ગયો હતો



સુરતઃ શહેરમાં છેલ્લા ચાર દિવસથી અવિરત વરસાદના કારણે લિંબાયત મીઠીખાડી સહિત અનેક વિસ્તારો ખાડી પૂરથી ગ્રસ્ત થયા છે. જે ખાડી પૂરે વધુ એક માસુમ બાળકનો ભોગ લીધો હતો. ગુરુવારે સાંજે મીઠીખાડી કમરુનગર વિસ્તારમાં ઘર પાસે રમતા-રમતા પાણીમાં ડૂબી ગયેલા બે વર્ષના બાળકનું મોત નીપજ્યું હતું.

લિંબાયત કમરુનગર આવાસમાં રહેતા નાઝીમખાન પઠાણ માર્કેટમાં મજૂરી કામ કરી ત્રણ સંતાન સહિતના પરિવારનું ગુજરાન ચલાવે છે. નાઝીમખાનના સંતાન પૈકી સૌથી નાનો બે વર્ષનો પુત્ર અલ્ફાઝખાન ગુરુવારે સાંજે પૂરની સ્થિતિને પગલે લાઈટ ન હોવાથી ઊઠીને રમતો-રમતો ઘરની બહાર જતો રહ્યો હતો. અલ્ફાઝખાન ઘરમાં નહીં દેખાતા શોધખોળ માટે દાદી નીચે ઉતર્યાં હતા. તે સમયે એક બાળક પાણીમાં પડ્યું હોવાનું જણાયું હતું. જેથી દાદીએ પાણીમાં પડેલા બાળકને બહાર કાઢી જોતા તેનો જ પૌત્ર અલ્ફાઝખાન હોવાનું સામે આવ્યું હતું. જેથી પરિવારજનો તાત્કાલિક અલ્ફાઝખાનને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઇ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

## પર્વત પાટીયા ખાતે ખાડીપૂરમાં તણાયેલા યુવકની લાશ 24 કલાક બાદ મળી આવી

**શુક્રવારે** આ વિસ્તારમાંથી ખાડી પૂરના પાણી સંપૂર્ણ ઊતરી જતાં આ જ વિસ્તારમાં આવેલી સરસ્વતી સ્કૂલના મેદાનમાંથી ફાયરની ટીમને લાશ મળી



સુરતઃ શહેરના પર્વત પાટીયા વિસ્તારમાં પૂરના પાણી ઓસરી જતાં ચોવીસ કલાક બાદ શુક્રવારે બપોરે યુવકની લાશ મળી હતી.

પર્વત પાટીયા, અંકુર એપાર્ટમેન્ટ નજીક ખાડીના પુરમાં ગુરુવારે આ યુવાન તણાઈ ગયો હતો. માનદરવાજાની ફાયરની ટીમને ગુરુવારે મોડી સાંજ સુધી આ ડુબનાર વ્યક્તિનો કોઈ અતોપતો લાગ્યો ન હતો. પરંતુ ખાડીપૂર ઓસર્યા બાદ એક પુરુષની લાશ આજ વિસ્તારમાં આવેલી સરસ્વતી શાળા નજીકથી મળી આવી હતી. મૃતક વ્યક્તિનું નામ વિજય દેવીપુજક હોવાનું જાણવા મળ્યું હતું. તેનો કબજો ગોડાદરા પોલીસને સોંપવામાં આવ્યો હોવાનું માનદરવાજા ફાયર સબ ઓફિસર વિજય પટેલે જણાવ્યું હતું.

### 4 હજારથી વધુ કર્મીઓને પૂરગ્રસ્ત વિસ્તારમાં ઉતારાયા, કચરાનો નિકાલ

ખાડીપૂરના પાણી ઓસર્યા બાદ લિંબાયત ઝોનના મીઠી ખાડી, ડુંભાલ ગામ, સંજયનગર, બેઠી કોલોની, વામ્બે આવાસ, કુંભારિયા ગામ, હળપતિવાસ-ગોડાદરા, ઇસ્ટ ઝોન-એના સારોલી, સણિયા-હેમાદ, મોડેલ ટાઉન, ઇસ્ટ ઝોન-બીના કઠોદરા, ખરસદ, સીમાડા, સાઉથ ઝોન-એના પ્રેમનગર, ક્રિષ્નાનગર, અઠવા ઝોનના આઝાદનગર, રસૂલાબાદ, તડકેશ્વર, સાઉથ ઝોન-બીના સંજારનગર ઉન તથા વેસ્ટ ઝોનના અવધપુરી સોસાયટી, હળપતિવાસ-પાલનપુરમાં છેલ્લા બે દિવસથી ૨૦૬ સુપરવાઈઝર, ૩૭૨૬ સફાઇ કામદાર, ૧૪૬ વાહન મારફતે કુલ ૫૭૦ મેટ્રીક ટન ઘનકચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. જંતુનાશક દવાનો છંટકાવ કરાયો હતો.

### ખાડી વિસ્તારોમાં જલદીથી સફાઈ કરી અસરગ્રસ્તોને આર્થિક સહાય ચૂકવવા વિપક્ષની સખત માંગણી

સુરતઃ વિરોધ પક્ષનાં નેતા પાયલ સાકરિયાએ મનપા કમિશનરને કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે, પ્રિમોન્સૂનની રેઢિયાળ કામગીરીના કારણે મનપામાંથી પસાર થતી તમામ ખાડીઓને સંલગ્ન વિસ્તારોમાં ખાડી તથા ગટરના ગંદા પાણી બેક મારતાં અસરગ્રસ્ત વિસ્તારોમાં ગંદકીના કારણે રોગચાળો ફાટી નીકળે નહીં એ માટે સફાઈ-દવાના છંટકાવ તેમજ મેડિકલ ટીમો ઉતારી આરોગ્યની ચકાસણીની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરી અસરગ્રસ્તોને આર્થિક સહાય ચૂકવવામાં આવે. વરાછા ઝોન-એ અને બી, લિંબાયત તેમજ ઉધના ઝોનના વિવિધ વિસ્તારોમાંથી પસાર થતી ખાડીઓમાં પૂરનું જીવલેણ સંકટ ઉદભવતાં 4 નિર્દોષ લોકોના ડૂબવાની ઘટનામાં 2 આશાસ્પદ બાળકોનાં મૃત્યુની દુઃખદ ઘટના બની હતી. વહીવટી તંત્રની બેદરકારી અને માત્ર કાગળ પર થતી કામગીરીના કારણે ખાડીને સંલગ્ન વિસ્તારોમાં ખાડીના ગંદા અને દુર્ગંધ મારતા પાણી ફરી વળ્યા હતા તેમજ લિંબાયતના મીઠી ખાડી તથા આજુબાજુના વિસ્તારોમાં, સણિયા હેમાદ તથા સંલગ્ન વિસ્તારમાં, વેડ-ડભોલી વિસ્તાર તેમજ અઠવામાં આઝાદનગર તથા સંલગ્ન વિસ્તારોમાં અંદાજે 10 ફૂટ સુધીનો ગંદા પાણીનો ભરાવો થયો હતો. વરસાદી પાણી ઉતરતા રોગચાળાની સંભવિત સમસ્યાને ટાળવા યુદ્ધના ધોરણે કામગીરી કરવા માંગ કરી છે.

## ખાડીપૂરના પગલે મ્યુનિ.કમિ. શાલિની અગ્રવાલનું સંવેદનાસભર પાસું બહાર આવ્યું

**પૂરગ્રસ્ત** વિસ્તારના બાળકોને સરકારી યોજનાનો લાભ અપાવવા ઝોનના તંત્રને સૂચના

શિક્ષાથી વંચિત બાળકો માટે શિક્ષણની વ્યવસ્થા કરવા પણ આદેશ



સુરત : મનપા કમિશનર શાલિની અગ્રવાલે અસરગ્રસ્ત સ્લમ વિસ્તારોની અંદરની ગલીઓ સુધી જઇને લોકો સાથે સંવાદ કર્યો હતો, ત્યારે મનપા કમિશનરનું વહીવટીતંત્રના વડાથી અલગ સંવેદના નિતરતું વ્યક્તિત્વ બહાર આવ્યું છે. ખાસ કરીને મહિલા અને બાળકો માટે જરૂરી વ્યવસ્થા કરવા મ્યુ. કમિશનર શાલિની અગ્રવાલે આદેશો આપ્યા છે. તેઓ આંબેડકર નગર વસાહતની આતંરિક ગલીઓમાં ફર્યા હતા અને આરોગ્ય વિષયક કામગીરીનું નિરિક્ષણ કર્યું હતું. સાથે સાથે આ વિસ્તારના બાળકો કે જેઓના માતા-પિતા કે પછી બંને અથવા કોઇ એક પણ હયાત ન હોય તેઓ પ્રત્યે સંવેદના વ્યકત કરી તેઓને પાલક માતાપિતા યોજનાનો લાભ અપાવવા અંગે ઝોન કક્ષાએ કલેકટર કચેરી સાથે સંકલન કરવા માટે જણાવ્યું હતું. શિક્ષણવંચિત બાળકોનું કાઉન્સેલિંગ કરી શૈક્ષણિક સુવિધાઓ ઊડી કરવા અધિકારીઓને સૂચનાઓ આપી હતી. બાદમાં કમિશનરે ડુંભાલ ફાયર સ્ટેશન પાસેના સંજય ગાંધીનગર સ્લમ વિસ્તારની મુલાકાત લઇ આરોગ્યલક્ષી કામગીરી વિશે સ્થાનિકોને પુછ્છા કરી હતી.

### મેયરે સરથાણા વિસ્તારમાં સફાઈ કામગીરીનું નિરીક્ષણ કર્યું



સુરત મહાનગરપાલિકા વરાછા ઝોન-બી વિસ્તારમાં ખાડી કિનારે આવેલા કઠોદરા ગામ તુલસી પૂજા રેસિડેન્સી, ખડસદ ગામ ઓમ રેસિડેન્સી, ગઢપુર રોડ લક્ષ્મીનગર સોસાયટીમાં મેયર દક્ષેશભાઈ માવાણીએ સ્થાનિક કોર્પોરેટરો, સોસાયટીના પ્રમુખો-આગેવાનો સાથે પાણી ઊતરતા સફાઇ કાર્ય, આરોગ્ય વિભાગની ટીમ તેમજ ભવિષ્યનાં આયોજન કરી સમસ્યાનો ઉકેલ લાવવા સૂચના આપી હતી.